BRAMPTON Service and Information Update

# સીટી ઑફ બ્રેમ્પટને પ્રોવિન્સના નવા COVID-19 ઉપાયોને અનુરૂપ

# કાર્યક્રમો અને સેવાઓને અદ્યતન બનાવી

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (ડિસેમ્બર 20, 2021) – બહુ ઝડપથી ફેલાતા અને સંક્રમણની ઉચ્ચતર શક્યતા ધરાવતા COVID-19 નાં ઓમિક્રોન વેરિઅન્ટ સામે પ્રતિક્રિયા કરવામાં, ગવર્મેન્ટ ઑફ ઓન્ટેરિયોએ ક્ષમતા અને સામાજિક હળવા-મળવામાં સીમાઓ સહિત, વધારાના જાહેર આરોગ્ય અને કાર્યસ્થળે સુરક્ષા ઉપાયો લેવાનું શરૂ કર્યું છે.

**જાહેર આરોગ્ય ઉપાયો**

<u>ખાનગી ધોરણે હળવું-મળવું</u>

ડિસેમ્બર 19, 2021 નાં રોજ, ખાનગી ધોરણે સામાજિક હળવા-મળવાની પરવાનગીઓ આ પ્રમાણે રહે છે:

- ઈનડોરમાં 10 લોકો
- આઉટડોરમાં 25 લોકો

<u>આયોજિત જાહેર કાર્યક્રમો</u>

ડિસેમ્બર 19, 2021 નાં રોજ, જાહેર ધોરણે આયોજિત કાર્યક્રમોની પરવાનગીઓ આ પ્રમાણે રહે છે:

- ઈનડોરમાં 25 લોકો ફેસ માસ્ક્સ પહેરશે અને શારીરિક અંતર જાળવવાના પગલાઓ અમલમાં રહેશે.
- આઉટડોર આયોજિત જાહેર કાર્યક્રમોમાં લોકોની સંખ્યા પર કોઈ સીમા રાખ્યા વગર પરવાનગી આપવામાં આવે છે. ફેસ કવરિંગ અચૂક પહેરવું રહ્યું જો વ્યક્તિઓ વચ્ચે 2 મીટરનું શારીરિક અંતર જાળવવું શક્ય ના હોય.

<u>ક્ષમતા સીમાઓ</u>

ડિસેમ્બર 19, 2021 નાં રોજ, 50 ટકા ક્ષમતા સીમાઓ નીચેના ઈનડોર જાહેર સ્થળોએ અમલમાં રહે છે:

- રેસ્ટોરન્ટ્સ અને બાર્સ
- અંગત સંભાળ સેવાઓ
- અંગત શારીરિક તંદુરસ્તી તાલીમ કેન્દ્રો
- રિટેઈલર્સ (કરિયાણાંની દુકાનો અને ફાર્મસી સહિત)
- શોપિંગ મોલ્સ
- રમતો અને મનોરંજનલક્ષી તાલીમ પ્રવૃત્તિઓ (દા.ત. જીમ) માટે વપરાતી સવલતોના દર્શક-રહિત વિસ્તારો
- ઈનડોર મનોરંજનલક્ષી સવલતો
- આઉટડોર મનોરંજનલક્ષી સગવડોમાં ઈનડોર ક્લબહાઉસીસ
- પ્રવાસ અને માર્ગદર્શક સેવાઓ;

- ફોટોગ્રાફી સ્ટુડિયો અને સેવાઓ

આ સીમાઓ કોઈ ધંધાના ભાગ કે લગ્ન સમારોહ, અંતિમ સંસ્કાર કે ધાર્મિક સેવા, ધાર્મિક વિધિ, કન્સર્ટ કે સમારોહ માટે વપરાતા સ્થળને લાગુ પડતી નથી. ધંધાઓ કે સગવડોને પોતાના સ્થળે પરવાનગી આપેલી ક્ષમતા સીમાઓ વર્ણવતા ચિહ્નો દર્શાવવાની જરૂર પડશે નહીં.

વધારાના ઉપાયો

COVID-19 અને ઓમિક્રોન વેરિઅન્ટનો ફેલાવો વધતો ઘટાડવા, વધારાના સંરક્ષણાત્મક ઉપાયો પણ લાગુ પાડવામાં આવી રહ્યાં છે:

- ટેબલ પર બેસાડવાના પેટ્રન્સની સંખ્યા 10 લોકો સુધી સીમિત કરવામાં આવશે અને પેટ્રન્સે રેસ્ટોરન્ટ્સ, બાર્સ અને અન્ય ખાદ્ય પદાર્થો કે પીણાં પીરસતી સગવડો, મીટિંગ અને ઈવેન્ટ સ્પેસીસ અને સ્ટ્રિપ ક્લબ્સમાં બેસવું જરૂરી બનશે.
- બાર્સ અને રેસ્ટોરન્ટ્સ, મીટિંગ અને ઈવેન્ટ સ્પેસીસ અને સ્ટ્રિપ ક્લબ્સ રાત્રે 11 વાગ્યે બંધ કરવાની જરૂર પડશે. રાત્રે 11 વાગ્યા પછી ટેકઆઉટ અને ડિલિવરીની પરવાનગી આપવામાં આવશે.
- વર્કર્સ કે પરફોર્મર્સ સિવાયના લોકોને ડાન્સિંગની છૂટ આપવામાં આવશે નહીં.
- ખાદ્ય પદાર્થો અને/અથવા પીણાં સેવાઓ સ્પોર્ટિંગ ઈવેન્ટ્સ; કન્સર્ટ સ્થળો, થિયેટર્સ અને સિનેમા હૉલ્સ; કેસિનો, બિન્ગો હૉલ્સ અને અન્ય ગેમિંગ એસ્ટાબ્લિશમેન્ટ્સ; અને હોર્સ રેસિંગ ટ્રેક્સ, કાર રેસિંગ ટ્રેક્સ અને અન્ય સરખા સ્થળોએ પ્રતિબંધિત રહેશે.
- રાત્રે 10 વાગ્યા પછી આલ્કોહોલનું વેચાણ અને ધંધાઓ કે અન્ય સ્થળોએ રાત્રે 11 વાગ્યા પછી આલ્કોહોલનું સેવન પ્રતિબંધિત રહેશે.

પ્રોવિન્સનું આખું સમાચાર પ્રકાશન અહીં વાંચો.

**સીટી સેવાઓ, કાર્યક્રમો અને સગવડો**

સીટી હૉલ અને કોર્પોરેટ સગવડો

સીટી હૉલ અને કોર્પોરેટ સગવડો માત્ર એપોઇન્ટમેન્ટથી રૂબરૂ સેવાઓ માટે ખુલ્લી છે. વૉક-ઈન્સને પરવાનગી નથી. એપોઇન્ટમેન્ટ બૂક કરાવવા, વેબસાઈટ જુઓ www.brampton.ca/skiptheline.

આગામી રજાઓના સમય દરમિયાન, સીટી હૉલ સહિતની, ઘણી સીટી ઓફ બ્રેમ્પટન ઓફિસો, શુક્રવાર, ડિસેમ્બર 24, 2021 નાં રોજ બપોરે 12 વાગ્યાથી મંગળવાર, જાન્યુઆરી 4, 2022 નાં રોજ સવારે 8:30 વાગ્યા સુધી જાહેર જનતા માટે બંધ રહેશે. COVID-19 મહામારી દરમિયાન બ્રેમ્પટનમાં 2021 નાં રજાઓના સમય વિશે વધુ માહિતી અહીં વાંચો.

ધી રોઝ ઍન્ડ પરફોર્મિંગ આર્ટ્સ સગવડો:

- બધાં ઈનડોર સ્થળો માટે માસ્ક પહેરવાની જરૂરિયાતો અમલમાં રહે છે
- ઈનડોર પરફોર્મન્સીસ 50% ક્ષમતાએ ચાલુ રહેશે
- ટિકિટનું પૂરેપૂરું રિફંડ (ક્રેડિટ/ચેક, એકાઉન્ટમાં ક્રેડિટ, દાન) બધાં પેટ્રન્સને ઉપલબ્ધ થવાનું ચાલુ રહે છે
- રોઝ બાર્સ બંધ રહેશે; ખાદ્ય પદાર્થો કે પીણા પીરસવામાં કે વેચવામાં આવશે નહીં
- પ્રવર્તમાન રેન્ટલ્સ પ્રક્રિયા અને સમયરેખાઓ અનુસાર, રેન્ટલ્સને એક-એક કેસ પ્રમાણે વિચારવામાં આવી રહ્યાં છે
- બધાં પેટ્રન્સ અને રેન્ટલ ક્લાયન્ટ્સ માટે રસીકરણ કે તબીબી છૂટનો પુરાવો હોવો જરૂરી છે

- સીટી ઑફ બ્રેમ્પટનના બધાં કર્મચારીઓ, સ્વયંસેવકો, ઈજારદારો અને કલાકારો, ક્યુરેટ્રસ અને સહ-પ્રસ્તુતકર્તાઓ માટે રસીકરણનો પુરાવો અથવા COVID-19 ટેસ્ટના નેગેટિવ રિઝલ્ટનો પુરાવો હોવો જરૂરી છે

મનોરંજન

- રજિસ્ટર્ડ અને ડ્રોપ-ઈન કાર્યક્રમો – બધાં સ્વિમ, સ્કેટ, અને ફિટનેસ ડ્રોપ-ઈન કાર્યક્રમો COVID-પહેલાંની ક્ષમતાના 50% સુધી અનુકૂળ કરવામાં આવશે. રજિસ્ટર્ડ પ્રોગ્રામ્સ નવા નિયમનથી પ્રભાવિત થતા નથી. આ કાર્યક્રમોમાં ક્ષમતાઓ સહભાગીઓથી ઈન્સ્ટ્રક્ટરના પ્રમાણથી ચલિત થાય છે, જે મહત્તમ રૂમ ક્ષમતાના 50% થી બહુ નીચે હોય છે.
- ફિટનેસ સેન્ટર્સ – ફિટનેસ સેન્ટર્સમાં પ્રવેશ 50% ક્ષમતા લાગુ કરીને, વહેલો તે પહેલો ધોરણે ઉપલબ્ધ રહેવાનું ચાલુ રહેશે. કર્મચારીગણ ક્ષમતા પ્રતિબંધ વટાવી ન જવાય તેવી ખાતરી કરવા નિયમિત પ્રવેશ સ્થળે ગણતરીઓ કરીને અવરજવર પર દેખરેખ રાખશે.
- રૂમ રેન્ટલ્સ – બધાં આગામી રેન્ટલ કોન્ટ્રાક્ટ હોલ્ડર્સનો પ્રોવિન્સની નવી ક્ષમતા જરૂરિયાતો સંબંધિત માહિતી સાથે સંપર્ક કરવામાં આવી રહ્યો છે. શક્ય હોય ત્યાં, કોન્ટ્રાક્ટ હોલ્ડર્સને નવા વધારાના દરમાં મોટી જગ્યા આપવામાં આવશે નહિ અથવા ક્રેડિટ/રિફંડ આપવામાં આવશે નહીં.
- રિફંડ્સ/ક્રેડિટ્સ – કાર્યક્રમમાંથી પડતી મૂકાતી, રેન્ટલ રદ કરતી, કે સભ્યપદ રદ કરાવતી કોઈપણ વ્યક્તિને પૂરેપૂરી એકાઉન્ટ ક્રેડિટ આપવામાં આવશે. રિફંડની વિનંતી કરવા ઈચ્છતી કોઈપણ વ્યક્તિ વેબસાઈટ recreationadmin@brampton.ca અથવા સગવડના કર્મચારીગણ મારફતે વિનંતી રજૂ કરી શકે છે.
- છૂટછાટો – આગળ નોટિસ મળતા સુધી છૂટછાટો (કન્સેશન્સ) હંગામી ધોરણે બંધ રહેશે. બાર્સનું સંચાલન ચાલુ રહેશે, જોકે, આલ્કોહોલના વેચાણ પર રાત્રે 10 વાગ્યા પછી પ્રતિબંધ રહેશે.

કર્મચારીઓ પ્રભાવિત રહેવાસીઓનો સીધો સંપર્ક કરશે અને વિગતવાર અદ્યતન માહિતી ઓનલાઈન ઉપલબ્ધ કરવામાં આવશે.

*મનોરંજનલક્ષી સગવડોમાં રસીકરણનો પુરાવો*

તાજેતરમાં, પ્રોવિન્સની ઘોષણા અનુસાર, જાન્યુઆરી 4, 2022 થી અમલી, સીટી ઑફ બ્રેમ્પટનની રિક્રિએશન ફેસિલિટીમાં પ્રવેશવા પેટ્રન્સને QR કોડ ધરાવતા ઉન્નત રસી પ્રમાણપત્રનો ઉપયોગ કરવાની અને ઓન્ટેરિયો ઍપની ચકાસણી કરાવવાની જરૂર પડશે. QR કોડ ડિજિટલી અથવા કાગળ નકલ છાપીને ઉપયોગમાં લઇ શકાય છે. એકલદોકલ વ્યક્તિઓ પોતાનું QR કોડ ધરાવતું ઉન્નત પ્રમાણપત્ર વેબસાઈટ https://covid-19.ontario.ca/book-vaccine/ પરથી ડાઉનલોડ કરી શકે છે.

વધુમાં, જાન્યુઆરી 10, 2022 થી અમલી, રસીકરણ માટે માન્ય મુક્તિ તરીકે ફિઝિશિયનની નોટ્સ હવે બિલકુલ સ્વીકારવામાં આવશે નહીં. તબીબી મુક્તિઓ માત્ર QR કોડ ધરાવતા પ્રમાણપત્રનો ઉપયોગ કરીને ચકાસી શકાશે.

*રિક્રિએશન ફેસિલિટીસમાં કોન્ટેક્ટ ટ્રેસિંગ અને QR કોડ સ્ક્રીનિંગ*

જાન્યુઆરી 3, 2022 થી શરૂ કરીને બધાં ગ્રાહકોએ કમ્યુનિટી સેન્ટર પર આવતા પહેલાં ઓનલાઈન સ્ક્રીનિંગ અને કોન્ટેક્ટ ટ્રેસિંગ ફોર્મ ભરવું અનિવાર્ય બનશે. પેટ્રન્સ ઓનલાઈન સ્ક્રીનિંગ ટૂલ પર પહોંચવા વેબસાઈટ www.brampton.ca/recscreening જોઇ શકે છે અથવા સગવડના પ્રવેશદ્વાર પર સ્થિત QR કોડ સ્કેન કરી શકે છે.

મુલાકાતીઓ અગાઉથી સ્માર્ટફોન/કોમ્પ્યુટરનો ઉપયોગ કરીને પ્રી-સ્ક્રીનિંગ પ્રશ્નો ઓનલાઇન ભરીને સમય બચાવી શકે છે. વૈકલ્પિક રીતે, આ ફોર્મ પ્રવેશ સ્થળે ભરી શકાય છે. નિર્ધારિત સ્ક્રીનિંગ વિસ્તાર/પ્રવેશદ્વાર પર આગમન સમયે, બધાં મુલાકાતીઓએ ફોન કે પ્રિન્ટ આઉટથી સ્ક્રીનિંગ કન્ફર્મેશન (લીલી નિશાની ચિહ્નિત) અચૂક દેખાડવું રહ્યું. ઓનલાઇન પ્રી-સ્ક્રીનિંગ ન ભરવા ઇચ્છતા મુલાકાતીઓ માટે સ્થળ પર કાગળ-આધારિત કોન્ટેક્ટ ટ્રેસિંગ ઉપલબ્ધ કરાવાનું ચાલુ રહેશે.

*બ્રેમ્પટન રિક્રિએશન સેન્ટરમાં રજાઓમાં સંચાલનના કલાકો*

રજાઓમાં સંચાલનના કલાકો વેબસાઇટ પર જોઇ શકાય છે, www.brampton.ca/holidayhours.

અમારા મનોરંજન કાર્યક્રમો અને સેવાઓ પર વધુ માહિતી માટે વેબસાઇટ જુઓ, www.brampton.ca/recreation.

*આઉટડોર સવલતો*

આઉટડોર સ્કેટિંગ રિંક્સ સમગ્ર હોલિડે સીઝન દરમિયાન ચાલુ રહેશે જો હવામાન અનુકૂળ રહે. સંચાલનના કલાકો અને સંપૂર્ણ વિગતો વેબસાઇટ પર જોઇ શકાય છે, www.brampton.ca/outdoorskating.

માઉન્ટ ચિંગકુસી આપણાં શહેરમાં સ્કીઇંગ, સ્નોબોર્ડિંગ અને ટ્યુબિંગ માટેનું સ્થળ છે જે ચિંગકુસી પાર્કમાં સ્થિત છે. માઉન્ટ ચિંગકુસી ડિસેમ્બર 27 થી ખુલવા નિર્ધારિત છે, જો હવામાન અને હિમવર્ષાની સ્થિતિઓ અનુકૂળ રહે. સંચાલનના કલાકો, ખુલ્લું કે બંધ હોવાનું સ્ટેટસ, અને નોંધણી વિગતો સહિતની, બધી માહિતી માટે વેબસાઇટ જુઓ, www.brampton.ca/MountChinguacousy.

વેબસાઇટ www.brampton.ca/winterwonderland જોઇને વધારે શિયાળુ મોજમજા કરવાની તકો અને ચાલુ સગવડ સ્થિતિની અદ્યતન માહિતી મેળવો

**COVID-19 રસીકરણ**

તમને પોતાને અને અન્ય લોકોને સંરક્ષણ આપવા માટે રસીઓ શ્રેષ્ઠ રીત છે. પાંચ વર્ષ અને ઉપરની કોઇપણ વ્યક્તિ માટે હવે ઓન્ટેરિયોની વેક્સિન બુકિંગ સિસ્ટમ મારફતે અથવા 1.833.943.3900 નંબર પર કૉલ કરીને એપોઇન્ટમેન્ટ્સ બુક કરાવી શકાય છે.

18 વર્ષ અને ઉપરની વ્યક્તિઓ હવે પોતાની COVID-19 બુસ્ટર એપોઇન્ટમેન્ટ બુક કરાવી શકે છે જો તેઓના છેલ્લાં ડોઝથી ઓછામાં ઓછાં ત્રણ મહિના પસાર થયા હોય. એપોઇન્ટમેન્ટનું બુકિંગ કરાવવા વેબસાઇટ જુઓ, https://covid-19.ontario.ca/covid-19-vaccines-ontario

COVID-19 રસીકરણ પર સૌથી અદ્યતન માહિતી માટે, પ્રોવિન્સનું વેક્સિન પોર્ટલ જુઓ.

**માસ્ક્સ**

રહેવાસીઓને યાદ અપાવવામાં આવે છે કે સીટીએ પોતાનો બ્રેમ્પટન COVID-19 મેન્ડેટરી ફેસ માસ્ક બાય-લૉ એપ્રિલ 1, 2022 સુધી લંબાવ્યો છે.

COVID-19 મેન્ડેટરી ફેસ માસ્ક બાય-લૉ હેઠળ, બ્રેમ્પટનમાં બધી ઈનડોર જાહેર જગ્યાઓમાં નોન-મેડિકલ માસ્ક્સ પહેરવા અનિવાર્ય છે. સ્કાર્ફ, બંદાનાસ, નૅક ગેઈટર્સ કે નૅક વોર્મર્સ અને એક્ઝેલેશન વાલ્વ્સ ધરાવતા માસ્ક્સ ફેસ કવરિંગ્સ તરીકે સ્વીકાર્ય નથી. તેમજ બાય-લૉ હેઠળ, માસ્ક્સ માત્ર ખોરાક કે પીણું લેવા માટે જ કાઢી શકાય છે જો વ્યક્તિ તે હેતુસર એક નિર્ધારિત જગ્યાએ બેસેલ હોય.

રહેવાસીઓ ફેલાવો રોકવામાં મદદ મળે તેથી પોતાનો ભાગ ભજવવાનું, વ્યક્તિઓ વચ્ચે શારીરિક અંતર જાળવવાનું, સારા સ્વચ્છતાશાસ્ત્રનો મહાવરો કરવાનું અને માસ્ક્સ પહેરવાનું ચાલુ રાખે તે માટે સીટી તેઓનો આભાર માને છે.

**કડીઓ (લિંક્સ)**

- સીટી ઓફ બ્રેમ્પટન COVID-19 પ્રોગ્રામિંગ અને સર્વિસ અપડેટ્સ
- COVID-19 દરમિયાન ધંધાઓ અને કાર્યસ્થળોને સુરક્ષિત રાખવા
- QR કોડ અને વેરિફાય ઓન્ટેરિયો ઍપ સાથે સુધારેલું COVID-19 રસી પ્રમાણપત્ર
- COVID-19 વેક્સીન્સ (રસીઓ)

-30-

-30-

**મિડિયા સંપર્ક :**
પ્રભજોત કૈન્થ
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ (Strategic Communication)
સીટી ઓફ બ્રૅમ્પટન
905-874-3426 | Prabhjot.Kainth@brampton.ca